# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA KARYAVAHI

વિધાનસભામાં આજે કૃષિ, પશુપાલન અને ગ્રામ વિકાસ વિભાગના પ્રશ્નકાળથી ગૃહની કામગીરી શરૂ થઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, ગૃહમાં આદિજાતિ વિકાસ અને પ્રાથમિક માધ્યમિક વિભાગના પ્રશ્નોની પણ ચર્ચા થશે. ગૃહમાં આવતીકાલે નિયંત્રક અને મહાલેખા પરિક્ષક-કેગનો અહેવાલ રજૂ કરાશે.

કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, આ વર્ષે નવા 525 પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-2ની ભરતી કરાશે.

# HEALTH MINISTER ON STRIKE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય કર્મચારીઓને હડતાળ સમેટી લેવા અપીલ કરી છે. શ્રી પટેલે કહ્યું, ટેક્નિકલ ગ્રેડ પે અંગે ચિંતન કર્યા વગર નિર્ણય ન લઈ શકાય. તેમણે કર્મચારીઓને હડતાળ સમાપ્ત કર્યા બાદ ચર્ચા કરવા જણાવ્યું છે.

# BOTAD BUDGET

બોટાદ નગરપાલિકાની સામાન્ય સભામાં આજે વર્ષ 2025-26 માટેનું 157 કરોડ રૂપિયાનું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરાયું. આગામી દિવસોમાં નગરપાલિકા હદ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા સાથે અન્ય કામ પણ કરાશે. તેમ જ આગામી સમયમાં નગરપાલિકા શહેરમાંથી પસાર થતી નદી પર રિવરફ્રન્ટ અને કૃષ્ણ સાગર તળાવનો વિકાસ કરવાનું પણ આયોજન છે તેમ નગરપાલિકાનાં પ્રમુખ ધર્મિષ્ઠા જોટાણિયાએ જણાવ્યું હતું.

(બાઈટઃ ધર્મિષ્ઠા જોટાણિયા, પ્રમુખ, બોટાદ નગરપાલિકા)

# DWARKA RESEARCH

દેવભૂમિદ્વારકાના ઇતિહાસને જાણવા અને દરિયામાં ડૂબેલી દ્વારિકાનગરીની શોધખોળ માટે ભારતીય પુરાતત્વ વિભાગે ફરી તપાસ હાથ ધરી છે. વિભાગની અંડરવૉટર આર્કિયોલૉજી વિન્ગે દ્વારકા અને બેટદ્વારકા ખાતે દરિયાકિનારા અને દરિયામાં સંશોધન કાર્ય હાથ ધર્યું છે.

આ અભ્યાસનો હેતુ કાંપ, પુરાતત્વીય અને દરિયાઈ થાપણોના વૈજ્ઞાનિક પૃથક્કરણ દ્વારા પુનઃપ્રાપ્ત કરાયેલી વસ્તુઓની પ્રાચીનતાની ખાતરી કરવાનો છે. તેમ જ અગાઉ મળેલા અવશેષનું અધ્યયન કરાયું હોવાનું ભારતીય પુરાતત્વ વિભાગના અધિક મહાનિર્દેશક પ્રૉફેસર આલોક ત્રિપાઠીએ જણાવ્યું હતું.

(બાઈટઃ પ્રૉ. આલોક ત્રિપાઠી)

# PATAN TERA TUJKO ARPAN

નાગરિકોની ગુમ થયેલી કે ચોરાઇ ગયેલી વસ્તુઓ શોધીને પરત કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. જે અંતર્ગત પાટણ જીલ્લા સાયબર ક્રાઇમ દ્વારા નાગરિકોના ગુમ થયેલા કે ચોરાઇ ગયેલા 9 જેટલા મોબાઇલને જેતે વ્યક્તિને પરત કર્યા હતા..

પાટણ જીલ્લા પોલીસ વડાની  કચેરી ખાતે પોલીસ અધિક્ષકની ઉપસ્થિતિમાં મોબાઈલ માલિકોને અર્પણ કરવામાં આવ્યા હતા..

કુલ 3 લાખ 45 હજાર 500ની કિંમતના આ મોબાઇલ માલિકોને પરત કરાતાં લોકો ખુશ થયા હતા.. તેમજે પોલીસની આ કામગીરીને બિરદાવી હતી

# THEATRE DAY KHEDA

ખેડા જિલ્લાના નડિયાદમાં આઠ દાયકા જૂના કલામંદિરે બે હજારથી વધુ નાટ્ય કલાકારોને મંચ પૂરૂં પાડ્યું છે. સંસ્થાના સ્થાપકે રાષ્ટ્ર ભાવના જાગૃત કરવાના હેતુથી આ સંસ્થાની સ્થાપના કરી હતી. વર્ષ 1970થી આ સંસ્થા સાથે જોડાયેલા કલાપ્રેમી જે. ડી. પટેલે જણાવ્યું કે, તેમણે ખેડા સહિત રાજ્યભરમાં વિવિધ સ્થળે અનેક નાટક ભજવ્યા છે.

(બાઈટઃ જે. ડી. પટેલ)

# AMBAJI TEMPLE TIME

ચૈત્રી નવરાત્રિને ધ્યાનમાં રાખી યાત્રાધામ શ્રી આરાસુરી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. આગામી 30 માર્ચે ચૈત્ર સુદ એકમના દિવસે સવારે સવા નવ વાગ્યે ઘટસ્થાપન કરાશે, જેમાં સવારે સાતથી સાડા સાત વાગ્યા સુધી આરતી કરાશે. ભક્તો સાડા સાત વાગ્યાથી સાડા 11 સુધી દર્શન કરી શકશે.

ત્યારબાદ બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ ધરાવાશે. ભક્તો સાડા 12 વાગ્યાથી સાડા ચાર વાગ્યા સુધી દર્શન કરી શકશે. ત્યારબાદ ભક્તો સાંજે સાતથી સાડા સાત વાગ્યા સુધી આરતી અને સાડા સાતથી નવ વાગ્યા સુધી દર્શનનો લ્હાવો લઈ શકશે તેમ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.